૮૦ વર્ષથી ગંગા દશહરાની પરંપરા યથાવત : બુશા ફળીયા ઘાટ પર ભક્તિમય માહોલ સર્જાયો

# શિનોરમાં નર્મદા કિનારે ૫૦૫ મીટરની ભવ્ય ચૂંદડી અર્પણ

**2500થી** વધુ શ્રદ્ધાળુઓએ આરતી અને મહાપ્રસાદનો લાભ લીધો

(પ્રતિનિધિ) શિનોર, તા.25

શિનોર મુકામે નર્મદા નદીના તટ પર આવેલા બુસા ફળીયાના ઘાટ ઉપર તારીખ 17 મે 2025 થી ગંગા દશહરા નો પ્રારંભ થયેલ છે અને આજરોજ તારીખ 24 મેં 2025 રવિવારે સાંજે માં નર્મદાના કિનારે ભક્તો દ્વારા નર્મદા મૈયાને 505 મીટર ની ભવ્ય ચુંદડી અર્પણ મનોરથ નો કાર્યક્રમ યોજાયો. નર્મદા મૈયા ની આરતી અને ચુનરી મનોરથમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું.

વડોદરા જિલ્લાના શિનોર ગામે આવેલ બુશાફળિયા ના નર્મદા નદી ના ઘાટે છેલ્લા 80 વર્ષથી ગંગા દશાહરા મંડળ દ્વારા દશાહરા ની મહા આરતી નું આયોજન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ શિનોર ગંગા દશાહરા મંડળ દ્વારા નર્મદા નદી ના તટ પર આવેલા બુશા ફળિયા ના ઘાટે થી 14 મો ચૂંદડી મનોરથ તેમજ ગંગા દશાહરા નો પ્રારંભ કરાયો હતો.આ ધાર્મિક કાર્યક્રમ તારીખ 17/5/2025થી તારીખ 26/6/2025 સુધી એટલે કે 10 દિવસ સુધી ભારે ઉત્સાહ સાથે ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામા આવે છે. આ 10 દિવસ સુધી શ્રદ્ધાળુઓ પવિત્ર નર્મદા નદી માં સ્નાન કરવાનો લાભ



લઈ સંધ્યાકાળે યોજાતી મહા આરતી નો લાભ લઈ ધન્યતા અનુભવે છે. હાલ આ બુશા ફળિયા ના નર્મદા નદીના ઘાટ ને ડેકોરોશન થી શણગારવામાં આવ્યો છે. કહેવાય છે કે મોક્ષ દાયીની ગંગાજી નુ સ્વર્ગ લોક પરથી પુથ્વી પર અવતરણ થયું હતું .ત્યારથી જ ગંગા દશાહરા નો પર્વ ભારે ધામધૂમથી શ્રદ્ધાળુઓ દ્વારા ઉજવવામાં આવે છે.આ 10 દિવસ સુધી નર્મદા નદીમાં સ્નાન તેમજ વિધિવત રીતે પૂજા અર્ચના, દાન પુણ્ય કરવાથી 10 પ્રકારના પાપો માંથી મુક્તિ મળે છે.

આજરોજ તારીખ 24.05.2025 ને રવિવારના દિવસે સાંજે નર્મદા મૈયાના વડોદરા જિલ્લાના શિનોર ના બુશા ફળીયા ના નર્મદા કિનારાથી નર્મદા જિલ્લાના સિસોદ્રા ગામના નર્મદાના સામેના કિનારા સુધી 105 સાડી કુલ 505 મીટર ની ચૂંદડી રૂપી અર્પણ કરવામાં આવી હતી, તે સમયે આખો કિનારો શ્રદ્ધાળુઓ દ્વારા હર હર નર્મદેના નારાથી ગુંજી ઉઠ્યો હતો. આ પ્રસંગે 2500 થી વધુ શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી ચૂંદડી મનોરથ, નર્મદા મૈયા ની આરતી અને મહા પ્રસાદી આરોગી કૃતાર્થ થઇ ધન્યતા અનુભવી.હતી. ગંગા દશહરા મંડળ દ્વારા શ્રદ્ધાળુઓને કોઈ હાલાકીના પડે તેની પણ વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે. તારીખ 26 મેં 2025 ને મંગળવારે ગંગાદશમી નિમિત્તે ગંગા દશહરાનું સમાપન કરવામાં આવશે.

ખોખર મામલે કલેક્ટર કચેરીનો સત્તાવાર પત્ર

# ગૌશાળામાં તોડફોડ મામલે સીએમઓનું સતત મોનિટરિંગ

(પ્રતિનિધિ) સાવલી, તા.25

સાવલી તાલુકાના ખોખર ગામની ગૌશાળામાં તોડફોડ મામલે જિલ્લા કલેકટર દ્વારા 12 કલાકમાં જ હકારાત્મક કાર્યવાહી કરવાનો પત્ર પાઠવવામાં આવતા સમગ્ર તાલુકાનું તંત્ર એક્શનમાં મોડ માં આવી ગયું છે સમગ્ર ઘટનાને મુખ્યમંત્રીની કચેરીએ ગંભીરતાથી લઈને હકારાત્મક કાર્યવાહી કરવાની સૂચના આપતા સમગ્ર પંથકમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે. સાવલી તાલુકાના ખોખર ગામે ગૌચરની જમીનમાં ગૌશાળા નું બાંધકામના આક્ષેપ સાથે ગ્રામજનોએ આવેદન પત્ર પાઠવ્યા ના મામલામાં જિલ્લા કલેક્ટર કચેરી તરફ થી 12 કલાકમાં નિયમોનુસાર હકારાત્મક કાર્યવાહી કરવા સૂચના મામલતદાર સાવલીને આપવામાં આવતા ગ્રામજનોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે.

સાવલી તાલુકાના ખોખર ગામે 2021 /22 ની સાલમાં તત્કાલીન પંચાયત દ્વારા ગામની ગોચરની જમીન સર્વે નંબર 171 માં મંદિર બાંધવા માટેની દરખાસ્ત કરવામાં આવી હતી તે જગ્યા પર મંદિર બાંધ્યા બાદ મંદિરના મહંત દ્વારા શંકાસ્પદ ગતિવિધિઓ નો ગ્રામજનોએ આક્ષેપ લગાવ્યો હતો અને તેવામાં મંદિર પાસે કરવામાં આવેલ બાંધકામમાં ગૌશાળામાં તોડફોડ નો આક્ષેપ મહંતે ગ્રામજનો પર કર્યો હતો તેના પગલે સમગ્ર ગામમાં ભારે નારાજગી પ્રસરી ગઈ હતી અને ગામ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું અને સૌ કોઈએ એકી અવાજે આ મહારાજને ગામમાંથી કાઢી મૂકવા માટેનો મત વ્યક્ત કર્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### બહાદરપુરમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો: યોજનાઓની માહિતી અપાઈ

સંખેડા : બહાદરપુર પંચાયત ખાતે આજરોજ જનજાતિ ગરિમા ઉત્સવ 2026 અંતર્ગત જન ભાગીદારી અંતર્ગત બહાદરપુર ખાતે સેવા ક્ષેત્રનો કાર્યક્રમ યોજાયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે સંખેડા તાલુકાના ધારાસભ્ય અભયસિંહભાઈ તડવી તેમજ ઇન્ચાર્જ મામલતદાર ગોહિલ સાહેબ તેમજ તાલુકા વિકાસ અધિકારી સાહેબ દ્વારા વિવિધ યોજના કીય માહિતી આપી હતી અને કુલ 33 ગામના લાભાર્થીઓ એ અલગ અલગ વિવિધ યોજના ના લાભ તેમજ દાખલા તેમજ વિધવા સહાય સમાજ સુરક્ષા અંતર્ગત વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી અને બહાદરપુર પી.એચ.સી સ્ટાફ.બહાદરપુર ગ્રામ પંચાયત ખાતે જન ભાગીદારી અભિયાન માં દીપક એક્સ રે નિદાન વાન એક્સ-રે કેમ્પનું આયોજન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વનરેબલ પોપ્યુલેશનનું સ્કેનિંગ કરાયું.. જેમાં ટી.એચ.ઓ વિકાસ રંજન,એસ.ટી.એસ.પારૂલબેન ચાવડા, એસ.ટી.એલ.એસ.ઓમ પ્રકાશ, મેડિકલ ઓફિસર ડો.કુશ,સી.એચ.ઓ શુકલ સોનલબેન તથા પંચોલી વિશાલ, એમ.પી.એચ ડબલ્યુ રાણા અક્કુ ભાઈ તથા વિશાલભાઈ તથા આશા બેનો હાજર રહ્યા હતા.

### કરખડી ગામે બારીયા સમાજ દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું



**પાદરા** : પાદરા તાલુકાના કરખડી ગામે બારીયા સમાજની વાડી ખાતે સમાજના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા સન્માન સમારોહ તથા શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બારીયા સમાજની કમિટીના સભ્યો, આગેવાનો તથા મોટી સંખ્યામાં સમાજ જનોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમ દરમિયાન આશરે ૨૦૦ જેટલી શૈક્ષણિક કીટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સ્કૂલ બેગ, પેન્સિલ, ચોપડા સહિતની શિક્ષણલક્ષી સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ શૈક્ષણિક કીટો ભરતભાઈ મોતીભાઈ બારીયા (મોટા) દ્વારા વિદ્યાર્થીઓને ફ્રીમાં આપવામાં આવી હતી. આ પ્રસંગે ભરતભાઈ બારીયાએ વિદ્યાર્થીઓને શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપતા ઉજ્જવળ ભવિષ્ય માટે મહેનત અને સંસ્કાર સાથે આગળ વધવા અપીલ કરી હતી.

### વડોદરા જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો જોગ

**વડોદરા** : વડોદરા જિલ્લામાં બાગાયત વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે અમલીકૃત થનાર 3 નવી સહાયલક્ષી યોજનાઓમાં લાભ લેવા માટે અરજી કરવા માટે બાગાયતદારો માટે I Khedut પોર્ટલ 2.0 આગામી તા.૧૯/૦૬/૨૦૨૬ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. જેથી બાગાયતદારો ઉપરોક્ત યોજનાઓમાં લાભ લેવા માટે પોતાના નજીકના ગામના ઇ-ગ્રામ સેન્ટર અથવા ખાનગી ઇન્ટરનેટ પર ૭/૧૨, ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઇ જઇને સમયસર અરજી કરવી અને તેની પ્રીંટ આઉટ અચુક કાઢી લેવી. ઓન લાઇન અરજી ikhedut.gujarat.gov.in સાઇટ પર કરી શકાય છે. અમલીકૃત થનાર 3 નવી સહાયલક્ષી યોજનાઓમાં (૧) બહુસ્તરીય પધ્ધતીથી ફળ પાકોનો વાવેતર વિસ્તાર વધારવાનો કાર્યક્રમ (૨) ફળપાકોમાં ફિલ્ડ કવર થકી ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવવાનો કાર્યક્રમ (3) રાઇઝોમેટીક (આદુ, હળદર) પાકોને પ્રોત્સાહિત કરવા માટેનો કાર્યક્રમ છે. વધુ જાણકારી માટે આપના તાલુકાના બાગાયત અધિકારીશ્રી અથવા નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રાવપુરા પોલીસ સ્ટેશન પાછળ, વડોદરા (ફોન.નં. ૦૨૬૫-૨૪૨૯૧૫૩) ખાતે સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

### શિનોર તાલુકા પંચાયતના હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા



**શિનોર** : વડોદરા જિલ્લાના શિનોર તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની પ્રથમ સામાન્ય સભા યોજાઈ હતી. સભા દરમિયાન તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપ પ્રમુખ સહિત વિવિધ હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. શિનોર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે હિનાબેન રોહિતની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપ પ્રમુખ તરીકે પ્રીતેશકુમાર પટેલ, કારોબારી ચેરમેન તરીકે જીગ્નેશભાઈ પટેલ, પક્ષના નેતા તરીકે યોગેશ્વરીબેન વ્યોમેશકુમાર પંચાલ તથા દંડક તરીકે કલ્પેશકુમાર વસાવાની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ, તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ સંકેત પટેલ સહિત ભાજપના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સોયાબીન વિતરણ ઘટકનો લાભ લેવા આઈખેડૂત પોર્ટલ ખુલ્લુ મૂકાયું

વડોદરા : વડોદરા જિલ્લાના તમામ ખેડૂત મિત્રોને જણાવવાનું કે, વર્ષ ૨૦૨૬-૨૭ માટે ખેતીવાડી ખાતાની NMEO-Oilseed યોજનામાં સોયાબીન અને દિવેલા પાકના પ્રમાણિત બીજ વિતરણ ઘટકનો લાભ લેવા માટે આઈ ખેડુત પોર્ટલ-૨.0 તા. ૨૨/૦૫/૨૦૨૬ થી તા.૨૮/૦૫/૨૦૨૬ સુધી ખુલ્લું મૂકવામાં આવેલ છે જેમાં ખેડૂતોને ૧ હેક્ટર નું બિયારણ આપવામાં આવશે જેમાં સોયાબીન પાક માટે ૬૦ કિલોગ્રામ અને દિવેલા પાક માટે ૦૬ કિલોગ્રામ બિયારણ આપવામાં આવશે. ખેડૂતોએ અરજી કરતાં પહેલા ખેડૂતો નોંધણી કરવી ફરજિયાત છે ત્યારબાદ લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકાશે. પોર્ટલ પર અરજી મેળવવાની સમય મર્યાદા પુર્ણ થયા બાદ તમામ અરજીઓનો જિલ્લા/તાલુકા કક્ષાએથી ડ્રો કરવામાં આવશે.

# ઊંચાપાનમાં રેતીના ડમ્પરે માતા-પુત્રને અડફેટે લીધા

**ઓવરલોડ** ડમ્પરો સામે કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) બોડેલી , તા.25

વા. બામરોલી ના યુવક ના એક સપ્તાહ અગાઉ છોટાઉદેપુર ના માલધી ગામમાં લગ્ન થયા હતા તે માતાને લઈ સાસરીયે લગ્ન બાદ પ્રથમ વખત જઈ રહ્યો હતો પરંતુ માતેલા સાંઢ ની જેમ ડમ્પર ચાલકે અડફેટે લેતા માતા પુત્ર ગંભીર રીતે ઘાયલ. છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઊંચાપાન માં રેતી ભરેલા હાઈવા ટ્રક ચાલકે બેફામ રીતે હંકારતા માતા અને પુત્ર ને અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચતા બોડેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. બોડેલી તાલુકાના ઊંચાપાનમાં થી ડુંગરવાટ વાકી તરફથી રાત દિવસ રેતીના ડમ્પર પસાર થતા સ્થાનિક લોકો પણ ત્રાસી ગયા છે. આ નિયમો નેવે મૂકી રેતીના ડમ્ફરો રાત દિવસ ઓરસંગ તેમજ ભારજ નદીમાંથી ઓવરલોડ રેતી ભરીને રોડ પર બેફામ દોડતા નાના વાહન ચાલકોને જીવનું જોખમ વધ્યું છે. ત્યારે ઊંચાપાન નાના કાટવા સુખી જળાશય કેનાલ પાસે વા.બામરોલીના માતા અને પુત્ર પોતાની પાસે રહેલી મોટરસાયકલ લઈને છોટાઉદેપુરના માલધી ગામમાં એક સપ્તાહ પહેલા પુત્ર અશોકના લગ્ન થયા બાદ સાસરે પહેલી વખત પોતાની માતા અને પુત્ર જઈ રહ્યા હતા તે દરમિયાન માતેલા સાંઢની જેમ આવી રહેલા ડમ્ફર ચાલકે ૧૦ ફૂટ દૂર ઘસેડતા યુવકને માથે અને પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

જીત બાદ ભાજપ કાર્યકરોમાં ઉજવણીનો માહોલ

# છોટાઉદેપુર જિલ્લા પંચાયત પર ભાજપનો કબજો, ઉપેન્દ્રભાઈ રાઠવા પ્રમુખ તરીકે ચૂંટાયા

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25

છોટાઉદેપુર જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનની ચૂંટણી આજે ભારે રસાકસી અને ઉત્સાહપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ (BJP) બહુમતીના જોરે સત્તા જાળવી રાખી છે. જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સંગઠનના અનુભવી નેતા ઉપેન્દ્રભાઈ રાઠવા, ઉપપ્રમુખ તરીકે રાયસિંગભાઈ ભીલ અને કારોબારી ચેરમેન તરીકે લક્ષ્મણભાઈ સોલંકીની વરણી કરવામાં આવી છે.



આજરોજ જિલ્લા પંચાયત ભવન ખાતે યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખ પદ માટે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટી (AAP) તરફથી રાજેશભાઈ રાઠવાએ પ્રમુખ પદ માટે ઉમેદવારી ફોર્મ ભરતા મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની કુલ ૩૨ બેઠકોમાંથી ભાજપ પાસે ૧૯ બેઠકોનું સંખ્યાબળ હતું. મતદાનના અંતે ભાજપના ઉમેદવાર ઉપેન્દ્રભાઈ રાઠવાને ૧૯ મતો મળ્યા હતા, જ્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવારની તરફેણમાં ૧૨ મતો પડ્યા હતા. આમ, ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે જીત મેળવતા ચૂંટણી અધિકારી દ્વારા સત્તાવાર પદાધિકારીઓની જાહેરાત કરવામાં આવી હતી.

નવનિયુક્ત પદાધિકારીઓની જાહેરાત થતાં જ ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં ભારે ખુશીની લહેર દોડી ગઈ હતી. છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવા અને જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ સહિત સ્થાનિક ધારાસભ્યો અને પક્ષના વરિષ્ઠ આગેવાનોએ વિજેતા ઉમેદવારોને પુષ્પગુચ્છ આપી મોં મીઠું કરાવ્યું હતું અને ભવ્ય જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

વેપારીઓમાં ફફડાટ, ગ્રામજનોએ કામગીરીને વધાવી

# હાંડોદ ચોકડી ખાતે ટ્રાફિકને અડચણરૂપ દબાણ સામે મામલતદારનો સપાટો

**ઇન્ચાર્જ** મામલતદાર હિતેન્દ્ર ગોહિલની કડક કાર્યવાહી

(પ્રતિનિધિ) સંખેડા, તા.25

સંખેડાના ઈન્ચાર્જ મામલતદાર હિતેન્દ્ર ગોહિલ દ્વારા આજરોજ હાંડોદ ચોકડી ખાતે ટ્રાફિકને અડચણરૂપ દબાણને લઈ પંચાયતના તલાટી સાહેબ તેમજ સેવાસદન સ્ટાફ સહિત હાંડોદ ચોકડી પર ના પથારા વાળા તેમજ લારી ગલ્લા નડતરરૂપ દબાણ કરેલ દુકાનદાર ને તત્કાલ ચાર વાગ્યા સુધી નું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે તેમજ હિતેન્દ્ર ગોહિલ



સાહેબ દ્વારા જણાવ્યું હતું કે જો ચાર વાગ્યા સુધીમાં નડતરરૂપ દબાણ કરેલ લારી ગલ્લા નહીં ખસેડાય તો જેસીબી દ્વારા ટ્રેક્ટર માં ભરી જપ્ત કરવામાં આવશે અને કાયદાકીય કાર્યવાહી કરી દંડ કીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું અને આ ડ્રાઈવ દરમિયાન દબાણ કરતાં વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો અને ગામના લોકો દ્વારા આ ઈન્ચાર્જમાં આવેલ મામલતદાર સાહેબની પ્રશંસનીય કામગીરી જોતા ગામના લોકોએ આભાર માન્યો હતો.

રવિન્દ્રસિંહ વાઘેલા પ્રમુખ, યશવંતસિંહ ભાલીયા ઉપપ્રમુખ બન્યા

# સાવલી તાલુકા પંચાયતના હોદ્દેદારોએ સંભાળ્યો પદભાર

(પ્રતિનિધિ) સાવલી, તા.25

સાવલી તાલુકાપંચાયત ના હોદ્દેદારો એ ભાજપા નું વહીપ મેન્ડેડ આવ્યા બાદ સર્વસંમતિ થી વિવિધ હોદ્દાઓ માટે નક્કી કરેલ હોદ્દેદારો એ તાલુકા વિકાસ અધિકારી ને નામાંકન પત્ર પાઠવ્યું હતું આજે વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો.

સાવલી તાલુકાપંચાયતની 22 બેઠકો માટે ચૂંટણીયોજાઈ હતી જેમાં એક અપક્ષ, બે કોંગ્રેસ અને સૌથી વધુ ભાજપાના 19 ઉમેદવારો વિજેતા જાહેર કરાયા હતાં ગઈકાલે સાવલી એપીએમસીમાં તાલુકાપંચાયતના હોદ્દેદારોના નામનું વહીપ લઈ. ભાજપા જિલ્લાઉપપ્રમુખ યોગપાલસિંહ ગોહિલ સાવલી એપીએમસી હૉલ ખાતે આવ્યાહતા અને ભાજપાના વહીપ અને મેન્ડેડ પ્રમાણે પ્રમુખ ઉપપ્રમુખ કારોબારી અધ્યક્ષના નામોની જાહેરાત કરી હતી.

પ્રમુખ પદ માટે રવિન્દ્રસિંહ વાઘેલાના નામની જાહેરાત કરાઈ હતી ઉપપ્રમુખ પદ માટે યશવંતસિંહ



ભાલીયાંના નામની થઈ હતી જાહેરાત જ્યારે કારોબારી અધ્યક્ષપદની જવાબદારી બ્રિજેશ પટેલ ને સોંપાઇ પક્ષ ના નેતા તેમજ હિરલબેન મકવાણા ને દંડક ની જવાબદારી સર્વસંમતિ થી નક્કી કરાઈ હતી અને તમામ ઉમેદવારો એ સાવલી તાલુકાપંચાયત પોહચી ઉમેદવારી હતી જે માટે તાલુકાવિકાસ અધિકારીને ઉમેદવારી ફોર્મ સુપરત કર્યા જે અનુસંધાને આજેનસોમવારે મુખ્ય ચૂંટણી અધિકારી પ્રાંત અધિકારી તાલુકાવિકાસ અધિકારી ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં વિધિવત રીતે ચૂંટણી કરી તાલુકાપંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ સહીત ના હોદ્દેદારોને વહીવટી જવાબદારી સોંપાઈ હતી.

પંચાયત સભ્યે કલેકટરને કરી રજૂઆત

# વડુ ગ્રામ પંચાયતમાં ઠરાવ વગર જૂનો સામાન વેચાણનો આક્ષેપ

(પ્રતિનિધિ) પાદરા, તા.25

પાદરા તાલુકાના વડુ ગામમાં ગ્રામ પંચાયતની માલિકીના જૂના સામાન અને કાટમાળના ગેરકાયદેસર વેચાણનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. વડુ ગ્રામ પંચાયતના સભ્ય રમેશભાઈ ત્રિકમભાઈ પ્રજાપતિ દ્વારા વડોદરા જિલ્લા કલેકટરને લેખિત અરજી આપી સરપંચ અને તેમના મળતીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

અરજીમાં જણાવ્યા મુજબ જૂનું ગ્રામ પંચાયત મકાન તોડવામાં આવ્યા બાદ આશરે એક લાખ રૂપિયાના લોખંડ સહિતના વિવિધ માલસામાનને કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી, ઠરાવ કે



જાહેર હરાજી વગર વેચી દેવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે ગ્રામ પંચાયતની બોડીને પણ વિશ્વાસમાં લેવામાં આવી ન હોવાનું જણાવાયું છે. અરજદાર દ્વારા જુના ગ્રામ પંચાયત મકાનના ઠરાવો, અપસેટ વેલ્યુ, તોડકામ કરનાર એજન્સીની વિગતો તેમજ સમગ્ર કાર્યવાહી અંગે લેખિત માહિતી માંગવામાં આવી છે. સાથે જ જુના કુવાઓમાં લાગેલ લોખંડની નિસરણી, પાટડીઓ, સેફટી ઝારીઓ, પાણીની પાઈપો, ગરગડીઓ તથા ધન કચરા નિકાલ માટે વપરાતી સાયકલો સહિતના સામાનની વિગતો પણ રજૂ કરવામાં આવી છે.

અરજીમાં વધુમાં જણાવાયું છે કે તા. ૨૧ મે ૨૦૨૬ની રાત્રે ત્રણ વ્હીલવાળી સાયકલો હરસિદ્ધિ માતાના મંદિરે ઉતારવામાં આવી હતી અને આ કામગીરી ફક્ત અધિકારીઓને બતાવવા માટે કરવામાં આવી હોવાનું આક્ષેપ કરાયો છે. ગ્રામ પંચાયતના સ્ટોક પત્રકની તપાસ કરવાની પણ માંગ કરવામાં આવી છે. ગ્રામ પંચાયતના છેલ્લા ત્રણ મહિનાના સીસીટીવી ફૂટેજ તેમજ તા. ૦૧/૦૨/૨૦૨૬થી આજદીન સુધીના તમામ ઠરાવોની નકલો પણ માંગવામાં આવી છે.

ભાજપ હોદ્દેદારના નામની પણ ચર્ચા

# કરનાળીમાં ફરી મારામારી, પિતા-પુત્ર સહિત ત્રણ ઘાયલ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.25

ડભોઈ તાલુકાના કરનાળી ખાતે મારામારી ના બનાવો અવારનવાર બનતા રહે છે તાજેતરમાં જ સૂરત થી રેતી ભરવા આવેલા ટ્રક ચાલક ને મારમારવા ના બનાવ ની શાહી સુકાઈ નથી ત્યાં કરનાળી માં મારામારી નો બનાવ બનવા પામ્યો છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલ માહિતી મુજબ કરનાળી રામજી મંદિર પાસે રહેતા રમેશ સુખાભાઈ તડવી કરનાળી સંગમ ઘાટ નજીક સાંઈ ભોજનાલય ચલાવી પેટીયું રળી ખાય છે ૨૪-૫-૨૦૨૬ ના રોજ બપોરે પોણા બે વાગ્યે રમેશ તડવી ઘરે જાય છે ત્યાં એમને ખબર પડે છે કે એમની પત્ની સાથે ગામ ના સુરેશ રણછોડ તડવી અને એમનુ કુટુંબ ગાળાગાળી કરે છે ની જાણ થતાં જ સ્થળ પર દોડી આવેલ જયાં હાજર લોકો એ રમેશ સુખાભાઈ ને માથા મા દંડા થી માર મારેલ જેમાં એમની પત્ની ને પણ હાથ માં ઈજા થયેલ જયા રમેશ સુખા તડવી ના પુત્રો દોડી આવેલ જેમને પકડી રાખી ચાર જણા એ છોકરા ને પણ દંડા થી મારેલ જેમને ખાનગી વાહન માં ડભોઈ લાવી રહ્યા હતા ત્યાં ૧૦૮ આવી જતાં ડભોઈ પ્રમુખ સ્વામી હોસ્પિટલ લાવેલા જયાં માથા ના જમણી બાજુ વાગેલ છે આને માથા માં ફેકચર હોવાનું તબીબો એ જણાવ્યું જયારે પત્ની નયનાબેન ને હાથે ફેકચર થયો હોવાનું જાણવા મળ્યું છે કહે છે સુરેશભાઈ રણછોડ ભાઈ ને ભૂપિન તડવી, નગીન ભાઈ એ પકડી માર મારેલ છે.

## પેસેન્જર એસોસિએશને ડભોઈ સ્ટેશન પર ૬૦૦ ગ્લાસ 'આમ પન્ના' વહેંચ્યો

ડભોઈ : ભીષણ ગરમી અને અસહ્ય તડકાની આ મોસમમાં રેલ મુસાફરોની સફરને સુગમ અને આરામદાયક બનાવવા માટે 'વેસ્ટર્ન રેલવે પેસેન્જર અને પાસ હોલ્ડર વેલફેર એસોસિએશન' દ્વારા એક પ્રશંસનીય અને અનોખી પહેલ કરવામાં આવી છે. આજે તારીખ ૨૫ મે ૨૦૨૬ના રોજ એસોસિએશનના પ્રમુખ અને વડોદરા ડિવિઝનના DRUCC (ડિવિઝનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી) મેમ્બર શ્રી મોહમ્મદ હબીબ લોખંડવાલાના નેતૃત્વમાં ડભોઈ રેલવે સ્ટેશન પર મુસાફરો માટે ઠંડા અને તાજા 'આમ પન્ના' ના વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં સંગઠનની સેવા ભાવના: ૬૦૦ મુસાફરોને મળી રાહ ત હાલમાં સમગ્ર વિસ્તાર ભીષણ ગરમીની લપેટમાં છે, મુસાફરી કરી રહેલા સામાન્ય મુસાફરો હેરાન-પરેશાન થાય તે સ્વાભાવિક છે.